# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તાઃ ૨૭/૮/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,



(ડે. સેક્રેટરી)

---

## કલેકટરની અધ્યક્ષતામાં DLACની મિટીંગ મળી, ટેક્ષ્ટાઇલ એકમોને વર્ષ ૨૦૧૯ની ગુજરાતની ટેક્ષ્ટાઇલ પોલિસી અંતર્ગત ઇન્ટરેસ્ટ સબસિડી અને પાવર ટેરીફ સબસિડીના અરજદારોને મંજૂરી મળી

**સુરત.** સુરત જિલ્લા કલેકટર કાર્યાલયમાં કલેકટર આયુષ ઓકની અધ્યક્ષતા હેઠળ ગુરૂવાર, તા. ૨૬ ઓગષ્ટ ૨૦૨૧ના રોજ ડિસ્ટ્રીકટ લેવલ એપ્રુવલ કમિટી (DLAC), સ્કીમ ફોર એસિસ્ટન્ટ્સ ટુ સ્ટ્રેન્થેન સ્પેસિફિક સેકટર્સ ઇન ધી ટેક્ષ્ટાઇલ વેલ્યુ ચેઇન હેઠળ એસિસ્ટન્ટ્સ ફોર ઇન્ટરેસ્ટ સબસિડી એન્ડ પાવર ટેરીફ સબસિડી ૨૦૧૯ યોજના અન્વયે પ્રથમ બેઠક મળી હતી. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, ડિસ્ટ્રીકટ લેવલ એપ્રુવલ કમિટીના સભ્ય હોઇ ચેમ્બરના પ્રમુખ આશીષ ગુજરાતી આ મિટીંગમાં ઉપસ્થિત રહયા હતા. આ મિટીંગમાં આ પોલિસી અંતર્ગત કમિટી દ્વારા કુલ ૧૪ અરજીઓને મંજૂરી આપવામાં આવી હતી.

ચેમ્બરના પ્રમુખ આશીષ ગુજરાતીએ જણાવ્યું હતું કે, ટેક્ષ્ટાઇલ મેન્યુફેકચરીંગમાં સ્પીનિંગ, ગિનીંગ, ગારમેન્ટ અને એપેરલ પ્રવૃત્તિ સિવાયની ટેક્ષ્ટાઇલ પ્રવૃત્તિઓ કરનારા ટેક્ષ્ટાઇલ એકમોને એકમ સ્થપાયાના પાંચ વર્ષ સુધી ઉપરોકત પોલિસીનો લાભ મળે છે. વર્ષ ૨૦૧૯માં બનેલી ઉપરોકત પોલિસીનો લાભ સપ્ટેમ્બર– ૨૦૧૮થી લાગુ કરવામાં આવ્યો હતો. સંબંધિત ટેક્ષ્ટાઇલ એકમોને ઉપરોકત પોલિસીનો લાભ મળી રહે તે માટે ચેમ્બર

દ્વારા ઉચ્ચ અધિકારીઓ અને મંત્રીઓને સતત રજૂઆતો કરી આ પોલિસી લાગુ કરવા માટે નડતર અવરોધો દૂર કરવા માટે પ્રયાસ કરવામાં આવ્યા હતા.

આ તમામ પ્રયાસોને અંતે હવે ડિસ્ટ્રીકટ લેવલ એપ્રુવલ કમિટીની પ્રથમ બેઠક યોજાઇ હતી અને તેમાં કુલ ૧૪ અરજીઓને કમિટી દ્વારા મંજૂરી મળી હતી. આથી આ તકે ચેમ્બર દ્વારા રાજ્ય સરકારનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.